

એ... ઝાડ પડ્યું - હવે તોફાની પવન અને આંધીની મોસમમાં આવા દશ્યો વારંવાર જોવા મળશે... ગાંધીનગરમાં કેટલાય વયોવૃદ્ધ વૃક્ષો ભારે પવનના કારણે નમી પડે છે, ક્યારે ડાળખા તૂટી પડે છે અને ક્યારે આખાને આખા વૃક્ષ પડી જાય છે... માણસ કરતાં ગાડીઓને વૃક્ષો વધુ ઈજા કરે છે... વૃક્ષ નીચે મુકાયેલી કાર વૃક્ષની ડાળી પડતા એક ગરીબડી ગાય થઈ જાય છે... (તસવીર : દિપક જાની)

# ગાંધીનગરમાં અષાઢી બીજે ભવ્ય રથયાત્રા

## ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું યુ-ટ્યુબ પર જીવંત પ્રસારણ થશે : ૨.૫ કિ.મી. લાંબી યાત્રા

## શહેરમાં ૩૧ કિ.મી.ના રૂટમાંથી પસાર થશે : ભવ્ય ધાર્મિક ઉત્સવને પગલે નગરજનોમાં ઉત્સુકતા

ગાંધીનગર, તા.૨૧

ભગવાન જગન્નાથજીની ૨૯મી રથયાત્રા આગામી તારીખ ૨૯ જુનના રોજ નીકળશે. સે-૨૨ પંચદેવ મંદિર ખાતેથી ૭.૦૫ કલાકે રથયાત્રાનું પ્રયાણ કરવામાં આવશે. આ વર્ષે પ્રથમવાર ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું યુ-ટ્યુબ પર જીવંત પ્રસારણ કરવામાં આવશે. ભગવાનની ભવ્ય રથયાત્રાને અનુલક્ષી રથયાત્રા સમિતિ દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. ૨ .૫ કિ.મી લાંબી રથયાત્રામાં હાથી, ઘોડા અને કલાત્મક બગી ઉપરાંત ૭૫ વાહનો તેમજ ૧૫ ટેબ્લો પણ જોવા મળશે.



(તસવીર : દિપક જાની)

રથયાત્રાને અનુલક્ષી શિસ્ત તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પણ શ્રદ્ધાળુઓને સહકાર આપવા સમિતિ દ્વારા અપીલ કરવામાં આવી છે.

રથયાત્રા મહોત્સવ સમિતિના અધ્યક્ષ ફૂલશંકરશાસ્ત્રી, મંત્રી ડૉ. દિનેશ કાપડીયા, શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બુચ એ આ અંગે માહિતી આપતા જણાવ્યું છે કે આગામી ૨૯ જુનના રોજ ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા યોજવા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. જય રણછોડ...માખણ ચોર...ના જયઘોષ વચ્ચે નગરના વિવિધ માર્ગો પર નીકળનારી ભવ્ય રથયાત્રામાં એક હાથી, ઘોડા વાળી બગી, બેન્ડ વાજા, ૧૨ ઉંટલારી સહીત અંદાજીત ૭૫ જેટલા વાહનો તેમજ ૧૫ ટેબ્લો જોડાશે. ૨.૫ કિ.મી લાંબી રથયાત્રા શહેરના વિવિધ માર્ગો પર શાંતિમય અને શિસ્તબદ્ધ રીતે યોજાય તે માટે સમિતિ દ્વારા પૂર્વ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. પરંપરાગત રથયાત્રામાં શહેરના નવવિકસિત વિસ્તારના રહીશો પણ રથયાત્રાના રૂટમાં નજીકના સ્થળે પહોંચી સામેલ થઈ શકશે. રથયાત્રા દરમિયાન જય રણછોડ.. માખણ ચોર... જેવા

● અનુસંધાન પાન-૭ પર

# રેલ ભાડા વધારા સામે જિલ્લાભરમાં દેખાવો

## એનએસયુઆઈ એ રેલભાડા વધારાનો ઉગ્ર વિરોધ કર્યો, કલોલમાં રેલ મંત્રીના પૂતળાનું દહન

ગાંધીનગર, તા.૨૧

મોંઘવારીના મુદ્દે બહુમતી હાંસલ કરી સત્તારૂઢ થયેલ ભાજપની મોદી સરકારે સત્તા સંભાળ્યાના થોડાક જ દિવસોમાં રેલભાડામાં વધારો ઝીંકી દીધો છે. જેના દેશભરમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. એનએસયુઆઈએ શનિવારના રોજ કલોલ ખાતે મોટી સંખ્યામાં ઉમટી પડી રેલ ભાડા વધારાનો ઉગ્ર વિરોધ દર્શાવ્યો હતો તેમજ રેલમંત્રીના પૂતળાનું દહન પણ કર્યું હતું. સાથો સાથ રાજય સરકારને આડે હાથ લેતા આ યુનિયને પ્રવેશોત્સવને તાયફો ગણાવી શિક્ષણના વેપારીકરણને બંધ કરવા માંગ કરી છે.



યુપીએ સરકાર મોંઘવારી, ભ્રષ્ટાચાર, બેરોજગારી અને શિક્ષણ ક્ષેત્રે નિષ્ફળ નિવડી હોવાના આક્રમક શબ્દોની ભાષણમાં લોકોને સમજ આપતા લોકોએ સ્પષ્ટ બહુમતી સાથે નરેન્દ્ર મોદીને વડાપ્રધાન તરીકે સ્વીકારી સમસ્યાઓ હલ થશે તેવી આશા રાખી હતી. સત્તારૂઢ થયાના થોડાક જ દિવસોમાં રેલ મંત્રી સદાનંદ ગૌડાએ રેલભાડામાં ૧૪.૨ તથા માલભાડામાં ૬.૪ ટકાનો વધારો ઝીંકી દેતા દેશભરમાં તેની તીખી પ્રતિક્રિયા ઉભી થઈ છે.

એનએસયુઆઈએ આ ભાડા વધારાનો તીવ્ર વિરોધ દર્શાવી ભોળી પ્રજા સાથે આ સરકારે વિશ્વાસઘાત કર્યો હોવાનો મત વ્યકત કર્યો છે અને કલોલ ખાતે ૧૦૦થી વધારે કાર્યકર્તાઓ સાથે જિલ્લા એનએસયુઆઈના હોદ્દેદારો, પ્રદેશ મહામંત્રી અંકિત બારોટ, નિખિલ સિધાનીયાની આગેવાનીમાં રેલમંત્રીના

● અનુસંધાન પાન-૭ પર

# ચિલોડામાં ૨૫મીએ નવનિર્મિત પોલીસ સ્ટેશનનો શુભારંભ

ગાંધીનગર,તા.૨૧

ગાંધીનગર જિલ્લામાં ત્રણ નવા પોલીસ સ્ટેશન બનાવવા મંજૂરી મળી ગયા બાદ ચિલોડા પોલીસ સ્ટેશનને ચિલોડા આઉટ પોસ્ટ (ચોકી) માં જ તાત્કાલિક શરુ કરી દેવામાં આવ્યું હતું. જેમાં લોકઅપ સહીતની સુવિધાઓ ન હોવાથી ચોકીની જગ્યાની બાજુમાં જ બે માળનું અદ્યતન મોટું તમામ સુવિધાયુક્ત પોલીસ સ્ટેશન માટે બિલ્ડીગ તૈયાર કરવામાં આવ્યું છે. હવે ચિલોડા પોલીસ સ્ટેશનને ચોકીમાંથી નવા બિલ્ડીગમાં શરુ કરવા તડામાર તૈયારીઓ ઉપલા લેવલથી શરુ થઇ ગઈ છે. પોલીસ સ્ટેશનના નવા બિલ્ડીગનું ઉદ્દઘાટન ટૂંક સમયમાં ગૃહમંત્રીના હસ્તે થાય તેવી સંભાવના છે. ૨૭ જુનના રોજ ઉદ્દઘાટન થાય તેવી શક્યતા -બળ છે.

જિલ્લામાં વધુ ત્રણ પોલીસ સ્ટેશન મંજુર થયા બાદ ચિલોડા પોલીસ સ્ટેશન ચોકીની જગ્યા પર શરુ કરી દેવામાં આવ્યું હતું. જયારે ઈન્ફોસિટી અને સાંતેજ બંને પોલીસ સ્ટેશન જગ્યાના અભાવે શરુ કરવામાં આવ્યા ન હતા. તે બંને પોલીસ સ્ટેશન પણ શરુ કરી દેવામાં આવ્યા છે. તો બીજી તરફ લોકઅપ થી માંડીને પ્રાથમિક સુવિધાઓ પણ જે પોલીસ સ્ટેશન માં ન હતી તે ચિલોડા પોલીસ સ્ટેશન માટે કરોડો રૂપિયાના ખર્ચે હાલની ચોકીની જગ્યાની બાજુમાં જ મોટું બે માળનું તમામ સુવિધાસભર બિલ્ડીગ તૈયાર કરી દેવામાં આવ્યું છે. પાંચેક માસથી આ બિલ્ડીગ તૈયાર છે પરંતુ ઉદ્દઘાટનની રાહ જોવાઈ રહી હતી. હવે આ પોલીસ સ્ટેશનને નવા બિલ્ડીગમાં શીફ્ટ કરવા સક્રિય તજવીજ શરુ થઇ છે. એક જ સપ્તાહમાં અંદાજે ૨૭ તારીખે આ પોલીસ સ્ટેશન નવા તૈયાર થયેલા બિલ્ડીગમાં શરુ થઇ જાય તેવી પ્રબળ શક્યતા ડીએસપી શરદ સિંઘલે વ્યક્ત કરી છે. બે માળના તૈયાર થયેલા પોલીસ સ્ટેશન માટેના બિલ્ડીગમાં મહિલા અને પુરુષ બંને આરોપીઓ માટેના અલગ લોકઅપ બનાવવામાં આવ્યા છે. તે

● અનુસંધાન પાન-૭ પર



હવે તો હદ થાય છે... - પર્યાવરણની જાળવણી માટે પ્લાસ્ટીકના વધતા ઉપયોગ સામે ખૂબ જાહેરનામા બહાર પડ્યા... જનજાગૃતિ રેલીઓ ખૂબ યોજાઈ... પરિસંવાદો અને ભાષણો ખૂબ થયા... પણ આપણે તો ઠેરના ઠેર છીએ... ગાંધીનગર રાજ્યના પાટનગરમાં આ દશ્ય સર્જાતું હોય તો રાજ્યના અંતરિયાળ વિસ્તારમાં સ્થિતિ કેવી હશે ? આવો સરકાર કરે કે ન કરે આપણે સમાજ તરીકે જાગૃત બનીએ, પ્લાસ્ટીકનો ઉપયોગ ઓછો કરીએ અને કરીએ તો તેના યોગ્ય નિકાલ સુધી પહોંચાડવાની સભાનતા જાળવણીએ.... (તસવીર : કશ્યપ નિમાવત)

# સેકટરના આંતરિક માર્ગો પર થઈ રહેલા મજબૂતિકરણમાં ઉતારાતી વેઠ

## માર્ગોનું લેવલીંગ ધ્યાને લેવાતું નથી તથા ગુણવત્તા જળવાતી નથી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરમાં ચોમાસુ સરૂ થવાના થોડાક જ દિવસો પહેલાં સેકટરના આંતરિક માર્ગોનું નવીનીકરણ ચાલુ કરાયું છે. આ માર્ગ ઉપર ડામર કામ કરતાં પહેલાં જે તે સોસાયટી કે વિસ્તારના રહીશો અથવા આગેવાનોને વિશ્વાસમાં લીધા સિવાય મન ફાવે તે રીતે માર્ગ બનાવી દેવાય છે જેનો કેટલાક સેકટર દ્વારા ઉગ્ર વિરોધ ઉભો થયો છે.

શહેરના તમામ સેકટરમાં આવેલી સોસાયટીઓ અને વસાહતોમાં ઉપયોગી માર્ગોનું હાલ નવીનીકરણ શરૂ કરી દેવાયું છે. વરસાદી આગમન પહેલાં કામ પૂર્ણ કરવાની ઉતાવળમાં માર્ગોની કામગીરીમાં વેઠ ઉતારાતી હોવાની બુમ ઉઠવા પામી છે.

● અનુસંધાન પાન-૭ પર



### વિસનગરા નાગર બેસણું

અમારા પિતાશ્રી **વાસુદેવભાઈ લક્ષ્મીશંકર પંડ્યા** (ભૂતપૂર્વ પ્રમુખ, ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર જિલ્લા)નું દુઃખદ અવસાન તા. ૨૦/૬/૨૦૧૪ના રોજ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૨/૬/૨૦૧૪ રવિવારે સાંજે ૫-૦૦ થી ૭-૦૦** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : સૌરાષ્ટ્ર પટેલ વાડી, સેક્ટર-૭, પોલીસ ચોકીની સામે, ગાંધીનગર

**ચંદાબેન ભદ્રેશકુમાર ત્રિવેદી** **કમલેશ વાસુદેવભાઈ પંડ્યા**
**તીર્થ સનતભાઈ પંડ્યા** **સનતભાઈ વાસુદેવભાઈ પંડ્યા**

**સમસ્ત પંડ્યા પરિવાર**



### બેસણું

અમારા કાકા **રાજુભાઈ છોટાલાલ દવે** (પુજારી-શ્રીરાજેશ્વર મહાદેવ, સે.૨૧)નું અવસાન તા. ૧૯/૬/૨૦૧૪ને ગુરૂવારના રોજ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૩/૬/૨૦૧૪ને સોમવારે સવારે ૯ થી ૧૧ કલાકે** રાખેલ છે.

સ્થળ : બ્રાહ્મણવાસ, મહાકાલી મંદિર પાસે, સે.૨૦, ગાંધીનગર.

**લિ. ભરત જી. પુરોહિત**
**મયંક બી. પુરોહિત**
**અખિલેશ બી. પુરોહિત**


### ડુપ્લેક્ષ વેચવાનું છે

પેથાપુરથી ગાંધીનગર મેઈન રોડ ઉપર, કોર્નરનું મકાન, શોપીંગ સેન્ટર નજીક, ૮ રૂમ, કેબીન, ફુલ ફર્નિચર સાથે ડુપ્લેક્ષ વેચવાનું છે. સરકારી ઈજનેરી કોલેજ નજીક

મો. ૯૭૧૪૧૦૯૧૦૮


### નેશનલ યુથ કોર્પ્સ
**(National Youth Corps)**

**યોજના હેઠળ યંગ વોલન્ટીયર્સની પસંદગી માટે અરજીપત્રક મંગાવવામાં આવે છે.**

નહેરૂ યુવા કેન્દ્ર ગાંધીનગર ખાતે એન.વાય.સી. (NYC) યોજના હેઠળ ચાર (૪) યંગ વોલન્ટીયર્સની પસંદગી કરવાની છે જેની લાયકાત નીચે મુજબ છે.

(૧) ૧૮-૨૫ વય જૂથના યુવા ભાઈ-બહેનોને ૧ (એક) વર્ષ માટે કોમ્યુનિટી સર્વિસ માટે પસંદ કરવાના છે. કે જેમની ઉંમર તા. ૧-૪-૨૦૧૪ના રોજ ૨૫ વર્ષ પૂર્ણ થયેલ ન હોવા જોઈએ. (૨) માનદ પુરસ્કાર રૂ. ૨૫૦૦/- દર મહિને માળવાપાત્ર રહેશે. (૩) મહિલા ઉમેદવાર પણ અરજી કરી શકશે. (૪) સ્નાતક પાસ થયેલાને પસંદગીમાં અગ્રીમતા મળશે. (૫) પસંદગી પામેલ યુવા ભાઈ-બહેનોએ સમાજને લગતી યુવા પ્રવૃત્તિ જેવી કે આરોગ્ય, સાક્ષરતા, સ્વચ્છતા અભિયાન, સાંસ્કૃતિક, યુવા પ્રવૃત્તિ, રમત-ગમત અને રાષ્ટ્ર ઘડતર વિગેરે જેવી પ્રવૃત્તિઓ કરવાની રહેશે. (૬) લઘુતમ લાયકાત ધો.૧૦ પાસ હોવા જોઈએ. (૭) અરજદાર ગાંધીનગર જીલ્લાના વતની હોવા જોઈએ. એન.વાય.સી. વોલન્ટીયર્સ માટેનું અરજીપત્રક ભરવાની છેલ્લી તા. ૨૭-૬-૨૦૧૪ છે જે નીચે જણાવેલ નહેરૂ યુવા કેન્દ્રની કચેરીએથી વિનામૂલ્યે મળશે અથવા વેબસાઈટ www.nyks.org તથા www.yas.nic.in પરથી ડાઉનલોડ કકરી શકાશે.

**વધુ માહિતી માટે નીચેની કચેરીએ સંપર્ક કરવા વિનંતી.**

| યુથ કો-ઓર્ડીનેટરશ્રી | ઝોનલ ડાયરેક્ટરશ્રી |
|---|---|
| નહેરૂ યુવા કેન્દ્ર, ગાંધીનગર<br>બ્લોક નં. ૧૦/૧, ચ-ટાઈપ,<br>સેક્ટર-૩૦, ગાંધીનગર<br>ફોન : ૨૩૨૬૨૦૦૫ | નહેરૂ યુવા કેન્દ્ર સંગઠન,<br>ગાંધીનગર.<br>ફોન : ૨૩૨૩૨૦૭૩ |

### જાહેર નોટીસ

ગાંધીનગરના મે. એડી. ડીસ્ટ્રીક્ટ જજ સાહેબની કોર્ટમાં,
મુ. ગાંધીનગર

અરજદારના વ. શ્રી વી. એમ. ચાવડા
દિવાની પરચુ. અરજી નં. ૮૨/૨૦૧૪
આંક : ૫

**અરજદાર :** કૈલાસબેન તે કનુજી લાખાજી ઠાકોરના વિધવા પત્ની
રહે. કડાદરા, તા. દહેગામ, જી. ગાંધીનગર

વિરૂદ્ધ

**સામાવાળા:** ---------

**વિષય :** સગીરના વાલી તરીકે નિમણુંક મેળવવા બાબતે અરજ....

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ નોટીસથી જણાવવાનું કે, અરજદાર ઉપરોક્ત સરનામે રહે છે. અરજદારના પતિ નામે ઠાકોર કનુજી લાખાભાઈનું તા. ૩૦-૬-૨૦૦૭ના રોજ અવસાન થયેલ છે. તેમના વારસદારમાં અરજદાર પોતે તથા વારસદારો નામે નં. ૧ પુત્રી કાજલબેન કનજી ઠાકોર, નં. ૨ પુત્ર મહેશ કનુજી ઠાકોર અને નં. ૩ પુત્રી સપના કનુજી ઠાકોર હોઈ અને અરજદાર હાલમાં તેના કુદરતી વાલી તથા ઈષ્ટ મિત્ર છે. અરજદારે નામદાર કોર્ટ સમક્ષ અરજદારના પતિનું અવસાન થયેલ હોઈ દહેગામ તાલુકાના મોજે કડાદરા ગામની સીમમાં જમીન બ્લોક /સર્વે નં. ૨૪૫ જેનો જુનો સર્વે નં. ૨૩૩ ખાતા નં. ૬૦૧ આકાર રૂપિયા ૫.૫૦ પૈસા વાળી પોત ખરાબા સહિતની કુલ ૧-૧૪-૭૫ હે.આ.ચો.મી. ત્રણેય સગીર સંતાનોના હિત અને લાભમાં મિલકત વેચાણ ટ્રાન્સફર કરવા તથા સગીરોના વાલી નીમવાનો હુકમ મેળવવા હાલની અરજી કરેલ છે.

આથી અજરદારને સગીરના હિસ્સાની જમીન વેચાણ કરવા તથા વાલી તરીકે નીમવા કોઈપણ ઈસમને કોઈપણ જાતનો વાંધો તકરાર હરકત હોય તેમણે અત્રેની કોર્ટમાં તા. ૨૧/૭/૨૦૧૪ સવારના કલાક ૧૧-૦૦ વાગે જાતે અગર તમારા માહિતગાર કરેલ વકીલશ્રી મારફત હાજર થઈ તમારા વાંધા રજૂ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો આગલની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તારીખ : ૨૧મી, માહે - જુન, સને ૨૦૧૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|
| સહી/- | સહી/- | સહી/- |
| (એમ. એમ. ચાવડા) | (આર. એન. શેખ) | (પી. એમ. પ્રધાન) |
| આસીસ્ટન્ટ | આસીસ્ટન્ટ | ડેપ્યુટી રજીસ્ટ્રાર |
| સીવીલ શાખા | સીવીલ શાખા | સીવીલ શાખા, |
| ડીસ્ટ્રીક્ટ કોર્ટ, | ડીસ્ટ્રીક્ટ કોર્ટ, | ડીસ્ટ્રીક્ટ કોર્ટ, |
| ગાંધીનગર | ગાંધીનગર | |

કોર્ટનો સિક્કો

### જાહેર નોટીસ

ગાંધીનગરના મે. એડી. ડીસ્ટ્રીક્ટ જજ સાહેબની કોર્ટમાં,
મુ. ગાંધીનગર

અરજદારના વ. શ્રી વી. એમ. ચાવડા
દિવાની પરચુ. અરજી નં. ૮૩/૨૦૧૪
આંક : ૫

**અરજદાર :** લલીબેન ઉર્ફે લલીતાબેન તે મનુજી લાખાજી ઠાકોરના વિધવા પત્ની
રહે. કડાદરા, તા. દહેગામ, જી. ગાંધીનગર

વિરૂદ્ધ

**સામાવાળા:** ---------

**વિષય :** સગીરના વાલી તરીકે નિમણુંક મેળવવા બાબતે અરજ....

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ નોટીસથી જણાવવાનું કે, અરજદાર ઉપરોક્ત સરનામે રહે છે. અરજદારના પતિ નામે ઠાકોર મનુજી લાખાભાઈનું તા. ૧૪-૧-૨૦૧૩ના રોજ અવસાન થયેલ છે. તેમના વારસદારમાં અરજદાર પોતે તથા વારસદાર નામે રાજુભાઈ મનુજી ઠાકોર હોઈ અને અરજદાર હાલમાં તેમના કુદરતી વાલી તથા ઈષ્ટ મિત્ર છે. અરજદારે નામદાર કોર્ટ સમક્ષ અરજદારના પતિનું અવસાન થયેલ હોઈ દહેગામ તાલુકાના મોજે કડાદરા ગામની સીમમાં જમીન બ્લોક / સર્વે નં. ૨૪૫ જેનો જુનો સર્વે નં. ૨૩૩ ખાતા નં. ૬૦૧ આકાર રૂપિયા ૫.૫૦ પૈસા વાળી પોત ખરાબા સહિતની કુલ ૧-૧૪-૭૫ હે.આ.ચો.મી. સગીર સંતાનના હિત અને લાભમાં મિલકત વેચાણ ટ્રાન્સફર કરવા તથા સગીરના વાલી નીમવાનો હુકમ મેળવવા હાલની અરજી કરેલ છે.

આથી અરજદારને સગીરના હિસ્સાની જમીન વેચાણ કરવા તથા વાલી તરીકે નીમવા સામે કોઈપણ ઈસમને કોઈપણ જાતનો વાંધો તકરાર હોય તેમણે અત્રેની કોર્ટમાં તા. ૨૧/૭/૨૦૧૪ સવારના કલાક ૧૧-૦૦ વાગે જાતે અગર તમારા માહિતગાર કરેલ વકીલશ્રી મારફત હાજર થઈ તમારા વાંધા રજૂ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તારીખ : ૨૧મી, માહે - જુન, સને ૨૦૧૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|
| સહી/- | સહી/- | સહી/- |
| (એમ. એમ. ચાવડા) | (આર. એન. શેખ) | (પી. એમ. પ્રધાન) |
| આસીસ્ટન્ટ | આસીસ્ટન્ટ | ડેપ્યુટી રજીસ્ટ્રાર |
| સીવીલ શાખા | સીવીલ શાખા | સીવીલ શાખા, |
| ડીસ્ટ્રીક્ટ કોર્ટ, | ડીસ્ટ્રીક્ટ કોર્ટ, | ડીસ્ટ્રીક્ટ કોર્ટ, |
| ગાંધીનગર | ગાંધીનગર | |

કોર્ટનો સિક્કો





શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

LED, LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · TATA STEEL • PIPES • SHEETS · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · VINAYAK500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com